ગાંધીનગર સમાચાર

# શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો સરકારી અનાજ વિતરણની કામગીરીમાં મદદ કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૯

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો નિયમિત પણે ભારત સરકાર દ્વારા ગરીબ વર્ગને મળતી સરકારી અનાજ વિતરણ યોજનામાં પોતાના ગામમાં રાશનની દુકાનમાં વિતરણ પ્રણાલીમાં મદદ કરી રહ્યા છે. જ્યારથી કોરોના મહામારી ભારતમાં આવી છે અને દેશમાં લોકડાઉન લાગ્યુ છે ત્યારથી હજી સુધી રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો ગરીબ અને જરૂરતમંદ લોકોને સરકાર તરફથી મળવાપાત્ર અનાજ યોજનાના વિતરણમાં પોતાની સક્રિય ભૂમિકા નિભાવી રહ્યા છે. જેમાં દેવકરણના મુવાડા ગામના વતની રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક શ્રી કરણ રાઠોડ ખૂબજ ધગશ અને કર્મઠતા સાથે આ કામગીરી કરી રહ્યા છે. તેમને લોક ડાઉન અને તેના પછીના સમયમાં નિયમિત પણે પોતાના ગામમાં ગરીબ અને ગરીબી રેખાની નીચે આવતા લોકોને મળતી અનાજ સુવિધામાં સક્રિય કામગીરી કરી છે અને ગામના લોકોને આ યોજનામાં મળતા અનાજની માહિતી પણ આપી છે શ્રી કરણ રાઠોડ રાષ્ટ્રીય સેવા યોજનાની જુદી-જુદી મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓમાં હંમેશા ખુબ જ દિલથી જોડાઈને કામ કરે છે. તેમને ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત પણ નોંધનીય પ્રવૃત્તિઓ ગામમાં અને પ્રાથમિક શાળામાં નાના બાળકો માટે કરી છે સાથે સાથે સાદરા ગામની આજુબાજુના ગામો જેવા કે, જાખોરા, મોતીપુરા, સાદરા, કલ્યાણપુરા, માધવગઢ અને રાજપુર ગામના લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી લોહીનું દબાણ માપનની પ્રવૃત્તિ પણ કરી છે અને સાદરા ગામની આજુબાજુના ગામો જેવા કે, જાખોરા, મોતીપુરા, સાદરા, કલ્યાણપુરા, માધવગઢ અને રાજપુર ગામોની પ્રાથમિક શાળાઓમાં યોગ શીખવાડવાનું, દેશી રમતોનું પ્રશિક્ષણ અને પર્યાવરણ જતનની વિવિધ પ્રવૃત્તિઓ કરી છે જેમાં ખુબજ વિશેષ પ્રવૃત્તિ તરીકે ગાંધી વિચારનો પ્રચાર કરવા માટે સાદરા અને સાદરા ગામની આજુબાજુના ગામોમાં ગાંધી વિચારના પુસ્તકો અને આની ગાંધી સાહિત્યના વિતરણ પણ કરી રહયા છે ગાંધી વિચારના પ્રસાર પ્રચાર અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત ગાંધી વિચારની વિવિધ કક્ષાની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે પ્રેરિત કરવાની કામગીરી પણ કરી છે. શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ વિશેષ રુપથી તેમની આ બધી જ કામગીરીને બિરદાવે છે. તેમની આ વિશેષ કામગીરી બદલ ગૂજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી, સંસ્થાના ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુંદરા અને પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા આપી છે



# છેલ્લા એક સપ્તાહમાં પાણી પુરવઠા યોજનાના ૩૩૦૦ કરોડના ખાતમુહૂર્તો-લોકાર્પણ થયા

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. ૩૭૬ કરોડના ખર્ચે બુધેલથી બોરડા બલ્ક પાઈપલાઈનનું ખાતમુહૂર્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, બુધેલ બોરડા બલ્ક પાઈપલાઈનના નિર્માણ બાદ ભાવનગરના તળાજા તથા મહુવા, અમરેલીના રાજુલા અને જાફરાબાદ તથા ગીર સોમનાથ જિલ્લાના ઉના અને કોડીનાર તાલુકા જૂન-૨૦૨૨ સુધી વોટર-ગ્રીડ થકી જોડાઈ જશે. ભવિષ્યમાં સોમનાથ મંદીર પરીસરમાં પીવાનું શુધ્ધ પાણી આ વોટર ગ્રીડથી પહોચશે.




મુખ્યમંત્રીશ્રીએ ભાવનગર ખાતે બુધેલથી બોરડા બલ્ક પાઈપલાઈના ખાતમુહૂર્ત પ્રસંગે કહ્યું કે, રૂપિયા ૩૭૬.૧૯ કરોડની આ યોજનાથી ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના ૨૦ શહેરો અને ૬૧૨ ગામોની કુલ ૪૩ લાખની વસ્તીને વધારાના પાણીનો લાભ મળશે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, છેલ્લા એક સપ્તાહમાં પાણી પુરવઠા યોજનાના ૩૩૦૦ કરોડના ખાતમુહૂર્તો-લોકાર્પણ થયા છે. કેન્દ્ર સરકારે ૨૦૨૪ સુધી ઘરે ઘરે નળ થી જળ પહોંચાડવાનું લક્ષ્યાંક નક્કી કર્યું છે જેને આપણે ૨૦૨૨માં જ પૂરુ કરીશું.

તેમણે કહ્યું કે, ઢાંકી સુધી પાણી ગ્રેવીટીથી આવે છે ત્યાંથી સૌરાષ્ટ્ર કચ્છ સુધી ૧૦૦ માળ જેટલુ લીફ્ટ કરી લઈ જવાય છે. આમ આપણે નેવાના પાણી મોભે ચડાવ્યા છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યમાં પીવાના પાણીની ૧ લાખ કી. મી. થી વધુ પાઈપલાઈનનું નેટવર્ક ભાજપાની સરકારે બિછાવી છે. ગુજરાતમાં ૭૦% વરસાદ ૩૦% ભૂમી પર અને ૭૦% ભૂમી પર ૩૦% વરસાદ પડે છે. આ પેટર્નને કારણે પાણીનું સંતુલિત માળખું વિકસાવવાનું આયોજન સરકારે કર્યું છે.

મુખ્યમંત્રીએ સૌરાષ્ટ્ર, કચ્છ અને તળ કાઠિયાવાડના પાણીના પ્રશ્નોનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, સમગ્ર સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ 'સૌની યોજના'' થકી કાયમ પાણીથી છલોછલ રહેશે. ખેડૂતોને સિંચાઈ અને લોકોને પીવાના પાણીની ચિંતા નહી રહે. ઉપરાંત બીજા તબક્કામાં સૌરાષ્ટ્રના તળાવોને જોડવામાં આવશે જેથી પાણીના તળ ઊચા આવશે.

# મેયર રીટાબેન પટેલ દ્વારા રાધે-રાધે પરીવાર ગ્રુપને કોરોના વોરીયર્સ સર્ટિફિકેટ એનાયત


ગાંધીનગર,તા. ૧૯

હાલમાં સમગ્ર વિશ્વભરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે જેથી સમગ્ર જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. આવા કપરા સમયમાં સરકાર પણ પોતાની ફરજ ખુબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે. અને સાથે સાથે સરકાર સાથે રહી રાષ્ટ્રસેવા માં કેટલાક સમાજસેવકો અને યુવાનો દેવદૂત બનીને જનતા ની સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરતા નથી.જેમાં ની ગાંધીનગર માં કાર્યરત રાધે-રાધે પરીવાર ગ્રુપ ધ્વારા ૨૨ મી માર્ચ થી દરરોજ ૧૧૦૦થી વધુ ગરીબો ને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવી રહ્યું છે. જેમાં કોરોના વોરીયર્સ એવા પોલીસ જવાનો,ફાયર બ્રિગેડના જવાનો, મીડિયા કર્મીઓ અને ૧૦૮ના કર્મચારીનો પણ



સમાવેશ થાય છે. આગામી દિવસોમાં પણ રાધે-રાધે પરીવાર ગ્રુપ દ્વારા આ સેવાકીય પ્રવુતી જરૂરિયાતમંદ વ્યક્તિઓ તથા કોરોના વોરીયર્સ ને સેવા પુરી પાડવામાં આવશે. સાથે સાથે અમારા ગ્રૂપ દ્વારા આપણા સૌની સુરક્ષા માટે રાત-દિવસ પહેરો રાખનાર એવા કોરોના વોરીયર્સ એટલે કે પોલીસ જવાનોને માસ્ક, સેનેટાઈઝર અને કાળઝાળ ગરમીમાં બપોરના સમયે છાશ, લીંબુનો શરબતનું પણ વિતરણ કરવામાં આવી હતુ.

જેથી રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર, ગુજરાત એ કરેલ અદભૂત કામગીરી બદલ ગાંધીનગર મહાનગરપાલિકા મેયર શ્રીમતિ રીટાબેન કે પટેલ તરફથી કોરોના વોરીયર્સ તરીકે સર્ટિફિકેટ એનાયત કરીને સમગ્ર ગ્રુપ ની કામગીરી ને ધન્યવાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે રાધે-રાધે પરીવાર ગાંધીનગર એ સર્ટિફિકેટ એનાયત કરી અમારા સમગ્ર ટીમ નો ઉત્સાહ વધારવા મેયર શ્રીમતિ રીટાબેન કે પટેલ નો હૃદય પુર્વક ખુબ ખુબ આભાર માન્યો હતો.






ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગના બાળકો દ્વારા ૧૬મી ડીસેમ્બરે અંગ્રેજી કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકો અને વાલીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો, અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગુજરાતી સુપરસ્ટાર સ્વ. શ્રી નરેશ કનોડિયાના સુપરહીટ ગીત 'સાજન તારા સંભારણા'ને અનોખા મ્યુઝિક વિડિયોમાં રીલિઝ કરીને શ્રદ્ધાંજલી

વર્ષ ૨૦૨૦ના આ નવા સુપરહીટ ગુજરાતી ગીતને હરેશભાઈ પટેલે પ્રોડ્યુસ અને ડાયરેક્ટ કર્યું છે અને જાણીતા ગાયકો હિમાંશુ બારોટ અને નયના શર્માએ તેને સ્વર આપ્યો છે. જાણીતા મ્યુઝિક ડાયરેક્ટર મૌલિક મહેતાએ તેને કમ્પોઝ કર્યું છે. આ ગીત શ્રી નરેશ કનોડિયાની વર્ષ ૧૯૮૫ની સુપરહીટ ફિલ્મ ''સાજન તારા સંભારણા''ના ટાઈટલ સોંગના જાદૂને ફરીથી પેદા કરે છે. આ ફિલ્મનું ડાયરેક્શન અનુભવી શ્રી ગોવિંદ પટેલે કર્યું હતું, જેમાં નરેશ કનોડિયા, સ્નેહલતા ગડકરી અને અરવિંદ રાઠોડ મુખ્ય ભૂમિકામાં હતાં. મૂળ ગીતનું મ્યુઝિક નરેશ કનોડિયાએ પોતે કમ્પોઝ કર્યું હતું, જેઓ તેમના ભાઈ મહેશ કનોડિયાની માફક જ ઉત્તમ સંગીતકાર હતાં.



આ નવા વિડિયોમાં પ્રખ્યાત ગુજરાતી રેપર અને લોકગાયક અરવિંદ વેગડા પણ જોવા મળશે, જેઓ કલાકારોની સાથે રેપનો થોડો હિસ્સો ગાઈ રહ્યાં છે, જેનાથી ગીત સમકાલીન બને છે અને આજના યુવાનો અને દર્શકો સાથે વધુ સુસંગત બને છે. ગુજરાતી સિનેમાના મનમોહન દેસાઈ તરીકે જાણીતા ગોવિંદ પટેલ અને નરેશ કનોડિયાની જોડીએ વર્ષ ૧૯૮૦થી ૧૯૯૦ દરમિયાન નોન-સ્ટોપ હીટ્સ આપ્યાં હતાં. મહત્વપૂર્ણ છે કે ગોવિંદ પટેલના પુત્ર હરેશભાઈ પટેલ આ ૨૦૨૦ મ્યુઝિક વિડિયોના પ્રોડ્યુસર છે.


ખૂબજ લોકપ્રિય ગુજરાતી અભિનેતા અને રાજકારણી હિતુ કનોડિયાએ બાળ કલાકાર તરીકે તેમની ફિલ્મી કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો અને તેમણે આજની તારીખમાં ૧૦૦થી વધુ ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો છે. આ ઉપરાંત લોકપ્રિય અભિનેત્રી મમતા સોનીએ પણ ઘણી ગુજરાતી ફિલ્મો અને ટીવી સીરિયલમાં અભિનય કર્યો છે. આ નવો મ્યુઝિક વિડિયો જૂના ગીતના મૂળ સાર અને કરિશ્માને જાળવી રાખવા સાથે તેને સમકાલીન લૂક પ્રદાન કરે છે તેમજ નવા ડાન્સ સ્ટેપ્સ અને મ્યુઝિક કોમ્પોઝિશન ધરાવે છે. તેના કલાકારો મૂલ ગીતને સ્ટેપ-બાય-સ્ટેપ અનુસરવાની સાથે-સાથે ગીતમાં પોતાનો વિશિષ્ટ ટચ પણ આપે છે, જેનાથી તે આજના યુવાનો સાથે વધુ સુસંગત બની જાય છે. રાહુલ મંજૂરિયાએ મ્યુઝિક પ્રોગ્રામિંગ કર્યુ છે તથા અમદાવાદમાં એમ૩ સ્ટુડિયો ખાતે જય મહેતાએ સોંગ મિક્સ અને રેકોર્ડ કર્યું છે.


# અસાહી દ્વારા દહેજ એકમ ખાતે તેના સંયુક્ત સાહસ 'અસાહી ટેનન્ટસ કલર'નો પ્રારંભ

બ્લૂ પિગમેન્ટના ઉત્પાદનમાં વિશ્વમાં મોખરાનુ સ્થાન ધરાવતી અસાહી સોંગવોન કલર્સ લિમિટેડે (BSE & NSE: ASHISONG) સોમવારે જાહેર કર્યુ છે કે તેણે તેના દહેજ પ્લાન્ટ કે જે યુકેની ટેનન્ટસ ટેક્સ્ટાઈલ્સ કલર્સ લિમિટેડ (ટીટીસી) સાથેનુ સંયુક્ત સાહસ છે તેમાં વ્યાપારી ધોરણે ઉત્પાદનની શરૂઆત કરી છે. દહેજ ખાતેનો આ અદ્યતન પ્લાન્ટ રેડ અને યલો પીગમેન્ટનુ ઉત્પાદન કરશે. એઝો (AZO) પીગમેન્ટ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૨૪૦૦ મેટ્રિક ટનની છે. આ પ્લાન્ટની સ્થાપના રૂ. ૮૨ કરોડના ખર્ચે કરવામાં આવી છે. આ સંયુક્ત સાહસમાં અસાહી ૫૧ ટકા અને ટીટીસી ૪૯ ટકા હિસ્સો ધરાવે છે. પ્લાન્ટની સ્થાપનાની જાહેરાત ૨૨ ઓકટોબરે, ૨૦૧૯ના રોજ કરવામાં આવી હતી અને પ્લાન્ટની શિલારોપણ વિધી ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ કરવામાં આવી હતી. પ્લાન્ટ માર્ચ ૨૦૨૧માં કાર્યરત થઈ જશે તેવી એ સમયે અપેક્ષા હતી. વ્યાપારી ધોરણે ઉત્પાદન શરૂ કરવા પ્રસંગે અસાહી સોંગવોન કલર્સના એક્ઝિક્યુટિવ ડિરેકટર અર્જુન જયકિષ્નાએ જણાવ્યુ હતું કે ''અમને એ જણાવતાં આનંદ થાય છે કે કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિ હોવા છતાં, અમે મૂળ લક્ષ્યાંકના ચાર માસ પહેલાં તા. ૧૪ ડિસેમ્બરના રોજ પ્લાન્ટને સફળતાપૂર્વક કાર્યરત કરી દીધો છે. આ પ્લાન્ટમાં અમે સંપૂર્ણ ક્ષમતા સાથે ઉત્પાદન કરીશું અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ક્ષમતા બમણી કરીશું. ''




# શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન વિદ્યુત પરિપથનું મોડલ તેમજ ચાર્ટસ બનાવાયા









ગાંધીનગર,તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સહ અભ્યાસિક પ્રવૃતિના ભાગરૂપે ધોરણ:૭ ની વિદ્યાર્થિની બહેનોએ ઓનલાઈન પ્રવૃતિ વિદ્યુત પરિપથ બનાવી તેમના ફોટોગ્રાફસ મોકલી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો વિદ્યાર્થિનીઓએ આ પ્રવૃતિમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.શાળાના શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદીએ માર્ગદર્શન પુરું પાડ્યું હતું.શાળાના સુપરવાઈઝરશ્રી રાજેન્દ્રભાઈ પટેલે તેમને પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાના આચાર્યાશ્રી નીરૂબેન પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

# સંગીત સ્પર્ધા-૨૦૨૦ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત ''મેરી આવાઝ સુનો'' (કરાઓકે-ક્લબ) દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરનાં તેમજ ગુજરાત-રાજ્યના અનુભવી/બિન-અનુભવી ગીત ગાવાના શોખીન એવા દરેક સંગીત રસીકોને કરાઓકે-ટ્રેકશો દ્વારા પોતાના આવાઝમાં ગીતો ની રજુઆત કરવા માટે એક સારૂ સ્ટેજ/પ્લેટફોર્મ પુરૂ પાડવા માટેનાં હેતુથી મહાન પાશ્વગાયક સ્વશ્રી. મો. રફી સાહેબની ૯૬મી જન્મ-જયંતિ નિમીતે સ્વરાંજલી આપવા માટે કરાઓકે-સંગીત સ્પર્ધા-૨૦૨૦ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

આ સંગીત સ્પર્ધા તા. ૨૪-૧૨-૨૦૨૦ (ગુરૂવાર)ના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારુતિ-નેક્શા શો-રૂમ ની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, આ સંગીત સ્પર્ધા-૨૦૨૦ માં ભાગ લેવાં માટેનાં પ્રવેશ-ફોર્મ સ્પર્ધાનાં દિવસે જ સ્ટુડિયો ખાતે રૂબરૂ આવીને ભરી શકાશે, તેમજ કોરોના ની વર્તમાન સ્થિતિ ને સંદર્ભે માસ્ક સહીત સરકાર નાં આદેશો નું પાલન કરવામાં આવશે. આ સંગીત સ્પર્ધામાં વિજેતા સભ્યો ને પ્રોત્સહન રૂપે ટોફી આપવામાં આવશે. આ સંગીત સ્પર્ધા જોવા માટેનો પ્રવેશ નિ:શુલ્ક રહેશે, જેથી દરેક સંગીતપ્રેમીઓ એ આ કાર્યક્રમમાં પધારવા અમારૂ હાર્દિક આમંત્રણ છે. વધુ માહિતી માટે શ્રવણ પરમારનો મોબાઈલ નં. ૯૪ ૨૭૩ ૧૮૦૭૩ તેમજ ૮૮૪૯૪ ૫૪૪૦૫ ઉપર સંપર્ક કરવો.

# સદ્દામ હુસૈન સિપાહી પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૧૯

પિલવાઈ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી સદામહુસેન એસ. સિપાહીને તાજેતરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી દ્વારા રસાયણશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. ડીગ્રી એનાયત કરવામાં આવી છે. શ્રી સદામહુસેને Synthesis, Characterization and pharmaceutical Applications of Some Heterocyclic Compounds વિષય પર તેમનું સંશોધન કાર્ય પિલવાઈ કોલેજના આચાર્ય ડૉ. સંજય શાહ ના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. પિલવાઈ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગમાં અત્યાર સુધીમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી ચુક્યા છે જે ગૌરવની બાબત છે. સંસ્થાના સંચાલક મંડળના હોદેદારો, આચાર્ય તથા કોલેજ પરિવારે ડૉ. સદામહુસેનને અભિનંદન પાઠવ્યા હતા.



# જન્મદિને વધામણી



નિકીતાબેન શાહ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



ડો. હાર્દિક વી તલાટી
યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપ પ્રમુખ
(ફિઝિયોથેરાપિસ્ટ)
મો. ૭૯૯૦૫૨૮૨૬૨



ડો. જલધારા પટેલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના




વ્યોમ અમીન
સ્થાપક, સ્કાય ગૃપ
મો. ૭૬૦૦૬ ૭૭૭૦૦



શ્રવણકુમાર પરમાર
ગાયક કલાકાર
મો. ૯૪૨૭૩ ૧૮૦૭૩



પરમાર જયેશકુમાર ડી
મો. ૯૮૯૮૯ ૯૨૨૬૫



આરવ ગજ્જર
આશાપુરા ગૃપ



ખ્વાહિશ કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...